રોકાણકારોની પાઠશાળા

# જો આપ શેરબજારમાં રોકાણકાર તરીકે પ્રવેશવા ઈચ્છતા હો તો આટલા સરળ પગલાં સમજી લો

એક દિવસ એક સીધાસાદા બચતકારનો ફોન આવ્યો અને પૂછ્યું કે મારે શેરબજારમાં રોકાણ કરવું છે તો શરૂઆત કેવી રીતે કરવી?

શું આપ શેરબજારમાં રોકાણ કરવાનું વિચારો છો? આ માટે શું કરવું? કયાંથી શરૂઆત કરવી એ જાણવું છે? આ બજાર તો જોખમી ગણાય છે તેનો આપને ખ્યાલ છે, પરંતુ આ બજાર મૂડીવૃદ્ધિ માટે પણ  ઉત્તમ છે એ પણ આપ સમજો છો. જો આપ શેરબજારના જોખમ અને તેના લાભને સમજીને શિસ્તબદ્ધતા સાથે આગળ વધો તો અહીં  આપ સંપત્તિ સર્જનમાં સફળ થઈ શકો છો.  શેરબજારમાં પ્રવેશ માટે આપના મનમાં ચાલતા સવાલોને ધ્યાનમાં રાખી અમે અહીં કેટલીક બાબતો સ્પષ્ટ અને સરળ સ્વરૂપે આપના માટે રજૂ કરી છે.

શેરબજારમાં રોકાણ કરવાના બે માર્ગ છે, એક, પોતે જ શેરબજારમાં શેરોની સીધી ખરીદી કરવી, જયારે બીજો માર્ગ છે, મ્યુચ્યુઅલ ફંડને માધ્યમ બનાવીને શેરબજારમાં રોકાણ કરવું. સૌપ્રથમ  શેરબજારમાં પોતે જ સીધો પ્રવેશ કઈ રીતે કરવો તે જાણી લઈએ.

## શું કરવું પડે?

સૌ પહેલાં આપે કોઈ એક શેરબ્રોકર પાસે ટ્રેડિંગ એકાઉન્ટ

ખોલાવવું જોઈશે.

આ સાથે એક ડિમેટ એકાઉન્ટ ખોલાવવું જોઈશે.

## ડિમેટ એકાઉન્ટ ક્યાં ખોલાવવું?

આ ડિમેટ એકાઉન્ટ આપ તે બ્રોકર પાસે જ ખોલાવી લો તો વ્યવહારુ દ્રષ્ટિએ સરળ ગણાય. કિંતુ આપ એ ડિમેટ એકાઉન્ટ બેંક અથવા અન્ય કોઈ નાણાસંસ્થા પાસે પણ ખોલાવી શકો છો.

## શેર ટ્રેડિંગ એકાઉન્ટ ખોલાવવા શું કરવું પડે?

શેર ટ્રેડિંગ એકાઉન્ટ ખોલાવવા માટે આપે કેવાયસી (નો યોર કસ્ટમર)ની વિધિ કરવી પડે છે, જેમાં બેંક એકાઉન્ટની જેમ તમારા પેન (પરમેનન્ટ એકાઉન્ટ નંબર) , એડ્રેસ પ્રૂફ વગેરે દસ્તાવેજો આપવા પડે છે તેમ શેરબ્રોકરને પણ આવા દસ્તાવેજો આપવા પડે છે તેમ જ બ્રોકર સાથે ચોક્કસ એગ્રીમેન્ટ કરવું પડે છે, જેમાં આપના અને બ્રોકર વચ્ચેના વ્યવહારો-જવાબદારીઓ અને ફરજોની વિગતો આવી જાય છે. આને બ્રોકર-કલાયન્ટ એગ્રીમેન્ટ કહે છે.

## નવા- નાના રોકાણકારો માટે હવે વન પેજ ફોર્મ-સરલ

જોકે હવે સેબીએ નવા રોકાણકારો માટે શેર ટ્રેડિંગ અને ડિમેટ એકાઉન્ટ એકાઉન્ટ ખોલાવવા માટેનું માત્ર એક પાનાનું બહુ જ સરળ ફોર્મ તૈયાર કરાવ્યું છે, જેનું નામ પણ સરલ છે. આ ફોર્મની  સાદી વિગતો ભરીને એ સાથે પેન નંબર અને આપનું એડ્રેસનું પ્રૂફ જોડી દીધું એટલે કામ થઈ ગયું. આમ નજીવા ખર્ચે અને આસાનીથી  આપનું ટ્રેડિંગ એકાઉન્ટ-ડિમેટ એકાઉન્ટ ખૂલી ગયું.

## સરલ ફોર્મ કોને નહીં ચાલે?

 જોકે આપ શેરબજારના વિવિધ સેગમેન્ટમાં, જેમ કે ડેરિવેટીવ્ઝ, માર્જિન ટ્રેડિંગ, મોબાઈલ ટ્રેડિંગ, નેટ ટ્રેડિંગ વગેરેમાં ભાગ લેવા માગતા હો તો આપને સરલ ફોર્મ નહીં ચાલે. આપે વિગતવાર ફોર્મ ભરવું પડશે અને બ્રોકર-કલાયન્સ

એગ્રીમેન્ટ પણ સહી કરવું જોઈશે.

## શેર ટ્રેડિંગ અને ડિમેટ એકાઉન્ટ ખૂલી ગયા બાદ

ખૈર, ચાલો, આપનું શેર ટ્રેડિંગ એકાઉન્ટ અને ડિમેટ એકાઉન્ટ ખૂલી ગયું, હવે શું કરવાનું ? સાવ જ સરળ શબ્દોમાં આ વિષયને સમજીએ. સૌપ્રથમ તમે એ નકકી કરો કે તમે કેટલું ફંડ શેરબજારના જોખમ માટે ફાળવી શકો છો. દાખલા તરીકે તમારી માસિક આવકમાંથી તમામ જરૂરી ખર્ચ બાદ કર્યા પછી તમારી પાસે દર મહિને રૂ.દસ હજારની બચત રહે છે. આ રૂપિયા દસ હજારમાંથી દર મહિને તમે શેરો માટે કેટલાં નાણાં રોકવા તૈયાર છો? આ ઉપરાંત તમારી અત્યાર સુધીની બચતમાં તમારી પાસે લમ્પસમ બે લાખ રૂપિયા છે, તો એમાંથી પણ તમે કેટલા ટકાનું જોખમ શેરબજાર માટે લેવા સજ્જ છો?

## જોખમ અને સલામતીની તૈયારી કેટલી અને કેવી છે?

આ બાબત નકકી કરશે કે તમે  આ રોકાણમાં કેટલી સલામતી અને કેટલું જોખમ લેવા ઉત્સુક છો.  આ જોખમ લેવા માટે તમારે પોતાની અને પરિવાર પ્રત્યેની જવાબદારીનો વિચાર પણ કરવો જરૂરી છે. તમારી ઉંમર હાલ શી છે એ પણ ધ્યાનમાં લેવી પડે, તમારી જોબમાં કેવો વધુ અવકાશ છે કે પછી તમારા બિઝનેસમાં કેવી વૃદ્ધિ થઈ શકે છે એનો અંદાજ પણ લેવો પડે. આમ આ બાબત વ્યકિત-વ્યકિતએ જુદી-જુદી હોઈ શકે, જેથી તમારે માત્ર તમારા પર જ ધ્યાન આપવાનું છે.

## કેટલા સમય માટે રોકાણની તૈયારી છે?

તમે એકવાર નકકી કરો કે તમે તમારી બચતમાંથી કેટલી રકમ શેરબજાર માટે અલગ તારવી શકો છો એના આધારે તમારી રોકાણની તૈયારી આગળ વધે. સૌથી  મહત્વની વાત એ કે તમે કેટલા સમય માટે રોકાણ કરવા તૈયાર છો ? યાદ રહે, શેરબજારમાં એક દિવસથી લઈ  દસ વરસ માટે પણ રોકાણ થઈ શકે છે. આમ તો એક દિવસના રોકાણને રોકાણ કહેવાય નહીં, તેને સટ્ટો જ કહેવાય, કિંતુ  રોકાણકારો રોજની લે-વેચને

પણ રોકાણ ગણે છે, તેથી માત્ર સમજવા ખાતર આ વાત મૂકી છે. ઘણા લોકો સમાન દિવસે જ શેર લઈને વેચી કાઢતા હોય છે, જેને ઈન્ટ્રા ડે ટ્રેડ કહે છે. આમાં નફો મળ્યો તો નફો અને ખોટ થઈ તો ખોટ બુક કરી લેવામાં આવે છે.

## રોકાણનો હેતુ અથવા ધ્યેય પણ નક્કી કરો

ઓકે  તો, આપણે સમય માટે વાત કરતા હતા, તમે કેટલા સમય માટે રોકાણ પ્લાન કરો છો એ  બહુ મહત્વનું પરિબળ છે. તમે ટૂંકા ગાળા, મધ્યમ ગાળા કે લાંબા ગાળા માટે શેરો ખરીદવાનો પ્લાન કરો છો એ સ્પષ્ટ કરવું આવશ્યક છે, જેના આધારે તમારી રકમ અને શેર પણ નક્કી થઈ શકે. અલબત, આ સમયગાળો નક્કી કરવા માટે તમારે રોકાણનો હેતુ અથવા ધ્યેય પણ નિશ્ચિત કરવો પડે. અર્થાત, શેરોમાં કરેલા રોકાણમાંથી મળનારા નફા કે આવકનો ઉપયોગ તમને કયારે થવાનો છે? બીજા શબ્દોમાં કહીએ તો તમને શેરોમાં મૂકેલાં -રોકેલાં નાણાં  કયારે અને  કયા કામ માટે પાછાં જોઈએ છે? આ ધ્યેય તમને શેરોમાં કેટલું  અને કયાં સુધી રોકાણ રાખવું છે

તેનો સમય પણ નકકી કરી આપશે.

## શેરબજારમાં ગેરન્ટી ન મળે

શેરબજારમાં શોર્ટ ટર્મથી લઈ લોંગ ટર્મની વ્યાખ્યા દરેક જણ પોતાની અનુકૂળતા કે સમજ મુજબ કરે છે, વાસ્તવમાં શોર્ટ ટર્મ એટલે એકાદ વરસનો ગાળો, મીડિયમ ટર્મ એટલે ત્રણથી ચાર વરસનો ગાળો અને લોંગ ટર્મ એટલે સાતથી દસ વરસનો ગાળો માનવો વાજબી કહેવાય . શેરબજારમાં સફળતાની ગેરન્ટી કોઈ આપી શકે નહીં, કિંતુ શિસ્તબદ્ધ રીતે અને સમજણપૂર્વક સ્ટ્રેટેજી ઘડીને આગળ વધો તો સફળતાની સંભાવના ઊંચી રહી શકે છે. શેરબજારને લાંબો  સમય આપો તો એ મોટે ભાગે તમને સંપતિ સર્જનમાં સહાયરૂપ બને છે.

## ઓકે, તો નિર્ણય લેવાઈ ગયો

તમે  શેરબજારમાં પ્રવેશવા તૈયાર થઈ ગયા હો તો તમારે શેરબ્રોકર પસંદ કરવાથી માંડી ડિમેટ એકાઉન્ટ કોની પાસે ખોલાવવું એ વિશે સમજ મેળવી લેવી પડે.  સૌપ્રથમ તો તમે

શેરબજારમાં રોકાણ કરવા માટે એક ચોકકસ ફંડ બાજુએ મુકી દો  અને તે કેટલો સમય જાળવવું એ પણ નકકી કરી લો. જો તમે એક-બે વર્ષ માટે જ શેરોમાં રોકાણ કરવા માગતા હો તો બહેતર છે કે તમે આ રોકાણ કરવાનું ટાળો, કારણ કે આટલા ટૂંકા ગાળા માટે શેરબજારમાં જોખમ ઊંચું રહેશે. વાસ્તે, લાંબા ગાળાના રોકાણના અભિગમ સાથે જ આગળ વધો એ સલાહભર્યુ છે.

## શેરબ્રોકરની પસંદગી

પહેલા કદમમાં  તમારે  શેરબ્રોકરની પસંદગી કરવાની થશે. બ્રોકરની પસંદગી માત્ર  નામ કે બ્રાન્ડના આધારે કરશો નહીં કે તેમની  જાહેરખબરો -માર્કેટિંગ જોઈને પણ કરશો નહીં.

પહેલાં તો એ બ્રોકર સેબીમાં રજિસ્ટર્ડ છે તેની ખાતરી કરી લેવી જોઈએ. આ ખાતરી માટે  બ્રોકરના નામ સાથે સેબીનો રજિસ્ટર્ડ નંબર જોવાનો હોય છે. બીજું , બ્રોકર માત્ર કોઈ એક એકસચેંજ પર કામ કરતો હોય તે કરતાં બંને સ્ટોક એકસચેંજ (બીએસઈ- એનએસઈ) પર કરતો હોય તે જરૂરી છે, કેમ કે

અમુક સ્ક્રિપ્સ તમને માત્ર બીએસઈ (બોમ્બે સ્ટોક એકસચેંજ ) પર જ મળશે. આમ પણ બીએસઈ સૌથી વધુ લિસ્ટેડ કંપનીઓ ધરાવતું એકસચેંજ હોવાથી  બીએસઈ પર કામકાજ કરતો હોય એવો બ્રોકર વધુ જરૂરી ગણાય. શેરદલાલની પસંદગી  માટે સૌથી મહત્વનાં પરિબળો તેની શાખ, તેની સેવાની ગુણવત્તા અને વિશ્વસનીયતા છે.  કોઈ દલાલી ઓછી લે છે અથવા કોઈ ભેટ-સોગાદ કે કોઈ અન્ય પ્રકારે ઈન્સેન્ટિવ આપે છે એટલે તેની પસંદગી કરી લેવાય નહીં. શેર બ્રોકર બે સ્વરૂપે સેવા  ઓફર કરે છે, એક તે પોતાની જ શાખા ખોલીને સેવા આપે છે, બીજું તે સબ -બ્રોકર નીમીને  કે તેના એજન્ટ  મારફત પણ સેવા ઓફર કરે છે.

## કોન્ટ્રેકટ નોટ મુખ્ય બ્રોકરની જરૂરી

તમે સીધા મુખ્ય બ્રોકરની સેવા લો કે તેના સબ-બ્રોકરની સેવા લો, કિંતુ તમને તમારા સોદા માટે કોન્ટ્રેકટ નોટ માત્ર મુખ્ય બ્રોકરની જ મળવી જોઈએ. સબ-બ્રોકરની કોન્ટ્રેકટ નોટ વેલિડ ગણાતી નથી.  આ માર્કેટમાં ઘણાં લેભાગુ સબ -બ્ ્ાોેકરો પણ

હોય છે, જેની સાથે સોદા કરવામાં તમને કાનૂની રક્ષણ મળી શકતું નથી, કારણ કે તે પોતે જ બિનસત્તાવાર હોય છે. અર્થાત શેરબ્રોકર કે સબ-બ્રોકરના માત્ર પાટિયાં વાંચીને દોરવાઈ જવું નહીં. અગાઉનાં વરસોમાં અનેક પાટિયાં (માત્ર નામ પૂરતા-અનરજિસ્ટર્ડ) બ્રોકરો તથા સબ-બ્રોકરો નીકળી પડેલા અને અનેક રોકાણકારો તેમાં છેતરાયા હતા.

## ઘર કે ઓફિસની નજીક

વધુ એક વાત, આ જમાનો ઓનલાઈનનો છે, જો તમે તમારા સોદા ઓનલાઈન કરવાનો હો તો વાત જુદી છે, બાકી બ્રોકર એવો પસંદ કરજો , જેની ઓફિસ તમારા ઘરથી કે તમારી ઓફિસથી નજીક હોય, કારણ કે તમારે સમયાંતરે બ્રોકરની ઓફિસની મુલાકાત લેવા જવું પડે એવું બની શકે છે. તમે ખરીદી કરી હોય તો તેનો ચેક આપવા માટે અથવા શેરો વેચ્યા હોય તો તેની ડિમેટ સ્લિપ આપવા માટે. અલબત, આ બંને માટે વારંવાર ઓફિસ જવાનું ટાળવું હોય તો પણ વિકલ્પો છે, કિંતુ એ જરા જોખમી માર્ગ ખરો, કારણ કે આ માર્ગમાં તમારે બ્રોકરને

પાવર ઓફ એટર્ની આપવી પડે, જેથી તમારા  ડિમેટ એકાઉન્ટમાં તે સીધા શેરો જમા કે ઉધાર કરાવી શકે અને બેંક એકાઉન્ટમાં નાણાં ઉધાર કે જમા કરાવી શકે. જોકે  તમને એ બ્રોકરની સેવા-વિશ્વસનીયતાની ખાતરી થઈ જાય પછી જ આ કાર્ય કરાય.

## ડિમેટ એકાઉન્ટ કયાં રાખવું ?

ડિમેટ એકાઉન્ટની વાત પણ સમજી લેવી જોઈએ. શેરબજારમાં સોદા કરવા માટે ડિમેટ એકાઉન્ટનું હોવું ફરજિયાત છે, તે વિના શેરબજારમાં સોદા થઈ શકતા નથી. આ ડિમેટ એકાઉન્ટમાં તમારા શેરો ઈલેકટ્રોનિક સ્વરૂપે સચવાય છે. હવે  સવાલ થશે કે આ ડિમેટ એકાઉન્ટ ક્યાં અને કોની પાસે ખોલાવવું ? ડિમેટ એકાઉન્ટ તમે જેની પાસે તમારું શેર ટ્રેડિંગ એકાઉન્ટ ખોલાવ્યું છે તે શેરદલાલ પાસે પણ ખોલાવી શકો છો અને બેંક પાસે પણ ખોલાવી શકો છો. મોટાભાગના બ્રોકર ડિમેટ એકાઉન્ટ તેમની પાસે ખોલાવવાનો આગ્રહ રાખતા હોય છે, જેથી
સોદા-વ્યવહારમાં   સરળતા પણ રહે. આ સાથે બ્રોકરો એ ડિમેટ

એકાઉન્ટનો  પોતે ઉપયોગ કરી શકે એ માટે ગ્રાહક પાસેથી પાવર ઓફ એટર્ની પણ માગી લેતા હોય છે, જેનો ઉદ્દેશ સોદાના સેટલમેન્ટને સરળ બનાવવાનો હોય છે, જેથી જયારે પણ તમે શેર વેચો ત્યારે તમારે ડિમેટ એકાઉન્ટની ઈન્સ્ટ્રકશન સ્લિપ આપવા તેની ઓફિસે જવું પડે નહીં, બ્રોકર પોતે જ એ શેરો તેમાંથી ઉપાડીને લઈ શકે. આમ કરવાથી તમારો અને તેનો બંનેનો સમય બચી જાય. પરંતુ આમાં કયાંક  તમારા એકાઉન્ટના દુરુપયોગના જોખમની સંભાવના પણ ઊભી થઈ શકે છે, જેથી આ કાર્ય તમે તમારા તેના પરના વિશ્વાસના આધારે કરી શકો. અલબત, તેનો દુરુપયોગ ન થાય એ માટે ચોક્કસ  અગમચેતી ભરીને આગળ વધી શકાય .

## ઓનલાઈન  માર્ગ પણ છે

વર્તમાન સમય ઓનલાઈનનો છે, જો તમને ઓનલાઈન કામકાજ કરવાનું માફક આવતું હોય તો તમે બ્રોકર પાસે એ માટેનું રજિસ્ટ્રેશન મેળવ્યા  બાદ પોતાની મેળે  ઈન્ટરનેટ આધારિત સીધા સોદા કરી શકો છો. આમાં તમે તમારી

સલામતી વધુ સારી રીતે જાળવી શકો છો. હવે તો મોબાઈલ મારફત પણ શેર સોદા થઈ શકે છે, જેથી તમે મોબાઈલ માર્ગે પણ લે-વેચના સોદાનો સીધો અમલ કરી શકો છો. આમાં મહત્તમ કન્ટ્રોલ તમારા હાથમાં રહેશે.  આ સુવિધા અનેક અગ્રણી બ્રોકરેજ હાઉસીસ ઓફર કરતા હોય છે.

**જયેશ ચિતલિયા**

(સ્પષ્ટતા: અહીં વ્યકત કરાયેલા વિચારો -અભિપ્રાય લેખકના પોતાના છે, વાચકે પોતાની સમજદારી અને વિવેકબુદ્ધિ સાથે જ નિર્ણય લેવામાં સાર ગણાય )